# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, પોરબંદર
## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અને ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ અને The Gujarat Epidemic Diseases Act 1897 અન્વયેનું જાહેરનામું

નં.એમએજી/સી/કોરોના/જા.નામુ/૩૧૭/૨૦૨૦/૫ — તા.~~૩૦~~ ૩૧/૦૭/૨૦૨૦

વંચાણે લીધા :–
(૧) આ કચેરીના જાહેરનામા ક્રમાંકઃએમએજી/સી/કોરોના જા.નામું/૧૮૭/૨૦૨૦/૨, તા.૧૮/૦૭/૨૦૨૦

**–:: જાહેરનામું ::–**

આ કચેરીના વંચાણે લીધા ક્રમ–૧ ના જાહેરનામાથી ફોજદારી કાર્યરિતિઅધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ–૩૦ તથા કલમ–૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 ની કલમ–૨અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરી નિયંત્રણો ફરમાવવામાં આવેલ છે.

(૧) પોરબંદર શહેરમાં જીનપ્રેસ વિસ્તારના હરિઓમ ટ્રેડર્સની સામેની ગલીમાં પશ્ચિમે "ખીમજી લાખા સોલંકી" ના ઘરથી પૂર્વમાં "પ્રભાબેન મણીલાલ સોલંકી" ના ઘર સુધી તથા ઉત્તરમાં "લક્ષ્મણ કાનજી સોલંકી" ના ઘરથી પશ્ચિમે "ખીમજી લાખા સોલંકી" ના ઘર સુધીનો સંપૂર્ણ બંધ ડેલાનો વિસ્તાર

આ બાબતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : જી.પં./આરો/કોવીડ–૧૯/માઈક્રો કન્ટેઈમેન્ટઝોન/રદબાબત/૧૦૧૧૦/૨૦૨૦, તા.૩૧/૦૭/૨૦૨૦ થી થઈ આવેલ દરખાસ્તો મુજબ આ વિસ્તારમાં હાલ કોઈ એકટીવ કેસ ન હોય જેથી આ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોનનાનિયંત્રણો હટાવવા દરખાસ્ત થઈ આવેલ છે. આ તમામ હકિકતધ્યાને લેતા ઉપરોકત વિસ્તારોને હવે કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે ચાલુ રાખવાનું આવશ્યકતા જણાતી નથી. વાસ્તે હું **ડી.એન.મોદી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદર** ફોજદારી કાર્યરિતિઅધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ–૩૦ તથા કલમ–૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 ની કલમ–૨અન્વયે મળેલ સત્તાની રૂએ ઉપરોકત વિસ્તારોને હવે કન્ટેઈનમેન્ટ ઝોનનાનિયંત્રણમાંથી મુકત જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૩૧/૦૭/૨૦૨૦ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપેલ છે.

રવાના કર્યું
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

સહી : ડી.એન.મોદી
જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

નકલ રવાના :–

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૨. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર — વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૩. મુખ્યજિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર — વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૪. સીવીલ સર્જનશ્રી, ભાવસિહજી હોસ્પીટલ, પોરબંદર — વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર (શહેર/ગ્રામ્ય) — બહોળી પ્રસિધ્ધિ તથા અમલવારી અર્થે
૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર,કુતિયાણા — બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૭. મામલતદાર અને એકઝી. મેજીસ્ટ્રેટશ્રી;



Scanned by CamScanner

પોરબંદર, (શહેર/ગ્રામ્ય)રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........

૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી,
પોરબંદર, રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........

૯. ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા,
પોરબંદર, છાંયા, રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........

૧૦. સહાયકમાહિતી નિયામકશ્રી, પોરબંદર
દૈનિક વર્તમાન પત્રમાં વિના મૂલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂં.

૧૧. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
આ સાથે ટાઈપ નકલ સામેલ છે, જેથી ગેઝેટમાં પ્રસિધ્ધી કરવા અર્થે.

૧૨. સીટી તલાટી મંત્રીશ્રી, પોરબંદર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર ...જાણ અર્થે.

નકલ– આ કચેરીના નોટીશ બોર્ડ ઉપર

Scanned by CamScanner